# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www. incgujarat.com E – mail : gpcc1234@gmail.com


તા. ૨૪-૦૧-૨૦૨૨

પ્રતિ,
મા.શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ
મા.મુખ્યંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

વિષય : બોટાદની જનતાની પરેશાની દુર કરવા તથા અને સ્થાનિક વિકાસના કાર્યો બાબત.

બોટાદની પ્રગતિ અને વિકાસ માટે બોટાદની જનતા માટે પાયાના પ્રશ્નોનુ કાયમી નિવારણ ખુબ જરુરી છે, આજે ટ્રાફિક-રોડ-ગટર-ચોખ્ખા નિયમિત પાણી અને ગટર-ગંદકીના પ્રશ્નોથી ખુબ બોટાદની જનતા પરેશાન છે.

બોટાદને રાજ્યમા નવા જીલ્લા તરીકે માન્યતા મળ્યા પછી કોઇ ખાસ સરકારી માળખાગત સુવિધા તો ન મળી પરંતુ બોટાદની જનતા પાયાની અને મુળભુત સુવિધાથી વંચિત થતી જાય છે આ માટે રાજ્ય સરકાર સામે મારા સકારાત્મક નમ્ર સુચનો છે જેમા રાજ્ય સરકાર સહકાર આપવા આગળ આવે તેવી વિનંતી.

બોટાદ શહેર ફરતી સડક" - ટ્રાફિક અને ટ્રાફિક થકી ગંદકી બોટાદનો મુખ્ય પ્રશ્ન છે તેના નિવારણ માટે " રીંગ રોડ" બનાવવામા આવે. બોટાદ શહેરને બહારના ટ્રાફિક, પ્રદુષણ અને ઘસારાથી બચાવવા અને બોટાદને સુંદર-સ્વચ્છ અને રળિયામણુ રાખવા "શહેર ફરતી સડક" આશીર્વાદ સમાન બની રહેશે.

મેડીકલ કોલેજ અને સિવીલ હોસ્પિટલ – આરોગ્ય વિષયક બાબતે બોટાદની જનતા ખુબ પરેશાન છે માટે શક્ય તેટલી વહેલી તકે નવી હોસ્પિટલનુ કામ શરુ કરવામા આવે અને તે ન થાય ત્યા સુધી હાલની સોનાવાલા હોસ્પિટલમા તમામ ડોકટરની સેવા હાજરી ઉપલબ્ધ રહે અને ખાસ સ્ત્રી રોગ નિષ્ણાંત ડોકટરની કાયમી અને ફુલ ટાઇમ નિમણુક કરવામા આવે.

બોટાદ વિસ્તાર વિકાસ સતા મંડળ" –બોટાદ શહેરના પુર્ણ વિકાસ માટે "બોટાદ વિસ્તાર વિકાસ સતા મંડળ" ની રચના કરવામા આવે.

પીવાના પાણીનો કાયમી પ્રશ્ન – બોટાદ નગરના રહીશો માટે પીવાના પાણીનો કાયમી પ્રશ્ન છે તેને ઉકેલવા માટે માસ્ટર પ્લાન કરવામા આવે. "નલ સે જલ" યોજના થી બોટાદની જનતા સંપુર્ણ વંચિત છે.

અવેડા ગેઇટની ગંદકી કાયમી ધોરણે નિવારણ - બોટાદ શહેરમા પસાર થતી ગોમા નદીમા ઠલવાતા ગંદા પાણીથી છેલ્લા ૨૫ વર્ષથી બોટાદના પ્રવેશ ભાગે જ કાયમી ભયંકર ગંદકી રહે છે, આ ગંદકીના કાયમી ઉકેલ માટે જરુરી તમામ પ્રયાસો હાથ ધરવામા આવે. ગેરકાયદેસર બાંધકામ, રોડના નબળા કામો અને શહેરની સફાઈ જેવા કામમોમા મોટા પાયે ભ્રષ્ટાચાર અને લાપરવાહી બહાર આવી છે તેના પર કડક હાથે કામ લેવામા આવે.

આ ઉપરાંત બોટાદમા અગ્નિ શામક સાધનો વગર ચાલતી શૈક્ષણિક સંસ્થાઓ, બોટાદ જીલ્લામા નર્મદાની UGPL ની કેનાલોની નબળી કામગીરી, GVK ની ખાનગી કંપનીઓ દ્વારા ચાલતા મોબાઈલ પશુ દવાખાનાની અનેક ફરિયાદો જેવી અનેક મુશ્કેલીઓ બોટાદની આમ જનતા વહન કરી રહી છે, અને બોટાદમા રમત – ગમત સંકુલ તેમજ બાગ - બગીચાની કોઇ ઉપલબ્ધી નથી.

મારી આ નમ્ર રજુઆત માત્ર બોટાદની જનતાને બોટાદ વધુ સ્વચ્છ, સુંદર અને રળીયામણુ મળે તે હેતુ માટે છે, આશા કરુ કે આપની કક્ષાએથી આ દિશામા ઝડપ પ્રગતિ માટે યોગ્ય હુકમો કરવામા આવે.

આભાર સહ..

આપનો

(મનહર પટેલ)

પ્રવક્તા, જી.પી.સી.સી.